નવા સેકટરોમાં છેલ્લા ત્રણ દિવસથી ફોર્સથી પાણી ન આવતુ હોવાની બુમ

તહેવારોના દિવસોમાં પાણીનો ફોર્સ ઘટતા ગૃહીણીઓમાં આક્રોશ : શહેરમાં વરસાદી દિવસોમાં પાણીનો વપરાશ ઘટયો છતા સેકટરોમાં પાણીની પોકાર

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન ગરમીની સાપેક્ષમાં પાણીનો ઉપયોગ ૨૦ટકા જેટલો ઘટી ગયો છે. જયારે હાલ વરસાદી દિવસોમાં પણ સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પુરતા ફોર્સથી પાણી આવતુ ન હોવાનો રોષ પ્રબળ બન્યો છે. તહેવારોના દિવસોમાં પાણીનો ફોર્સ ઘટતા ગૃહીણીઓમાં આક્રોશ પ્રવર્તયો છે. સે-૩ બી અને સી સહીત સે-૪ માં પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો વધી છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે સેકટરોમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે નવી લાઈન નાંખવાની કામગીરી ચાલી રહી છે. આગામી દિવસોમાં શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લય કરવામાં આવશે. જો કે હાલની સ્થિતિએ પણ સમગ્ર દેશમાં સૌથી વધુ માથાદીઠ પાણી શહેરમાં સપ્લાય કરવામાં આવતુ હોવાનો પણ દાવો કરવામાં આવે છે. આમછતા શહેરના સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. સેકટરોમાં પાણી સપ્લાય કરતી દાયકાઓ જુની લાઈન હવે સક્ષમ નથી જેના લીધે પણ પાણીનો સપ્લાય પ્રભાવિત છે. જુની લાઈનના લીધે અવારનવાર લીકેજીસ સહીતની સમસ્યાઓ પણ ઉદભવે છે. બીજીતરફ સેકટરોમાં વારંવાર પુરતા ફોર્સથી પાણી ન આવતુ હોવાનો કકળાટ પણ વારંવાર ઉઠતો રહે છે. શહેરના નવા સેકટરોમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી પાણીનો ફોર્સ ઘટી ગયો છે. વરસાદી દિવસોમાં પાણી પુરતુ ન આવતુ હોવાનો રોષ ગૃહીણીઓ ઠાલવી રહી છે. જેમાં ખાસ કરીને સે-૩ બી અને સી સહીત સે-૨ અને સે-૪ માં પણ પાણી પુરતા દબાણથી આવતુ ન હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સ્થાનિક રહીશોના જણાંવ્યા મુજબ પાણી પુરતા ફોર્સથી ન આવતા અન્ડર ગ્રાઉન્ડ ટાંકી પણ ભરાતી નથી. જેના લીધે બપોર થતા જ પાણી ખુટી જાય છે. હાલ તહેવારના દિવસો ચાલી રહ્યા છે. આવા સંજોગોમાં સેકટરોમાં પાણીની પોકાર ઉઠવા પામી છે. નગરના સેકટરોમાં એકતરફ નવી લાઈન નાંખવામાં આવી રહી છે. ત્યારે હાલ ગરમીના દિવસો પુરા થતા શહેરમાં પાણીનો વપરાશ ૨૦ ટકા જેટલો ઘટયો હોવાનુ પણ જણાવાયુ છે. આમછતા પાણીની સમસ્યા ઉઠતા સેકટરવાસીઓમાં રોષ પ્રવર્તયો છે. શહેરમાં પાણીના ફોર્સ સાથે વરસાદી દિવસોમાં છેલ્લા કેટલાક સમયથી પાણીની ગુણવત્તા સામે

● અનુસંધાન પાન-૭ પર

આજકાલ ગાંધીનગરનો નજારો આંખોને ઠંડક આપી રહ્યો છે. છેલ્લા ઘણા સમયથી વરસાદ પડતો હોવાથી ઠેર ઠેર હરીયાળી છવાઈ ગઈ છે. કુદરતે જાણે લીલા ઘાસની જાજમ પાથરી દીધી હોય તેમ ખુબ જ સુંદર નજારો જોવા મળી રહ્યો છે. વળી વારંવાર વરસતો ઝરમર વરસાદ જાણે કોઈ હીલ સ્ટેશનની યાદ અપાવે છે. એવો સુંદર નજારો લાગે છે કે તેને જોતા મન ધરાતુ જ નથી. એમાંય શહેરનો 'જ' રોડ તો જાણે રાજમાર્ગ હોય એમ વનરાજીથી ખીલી ઉઠ્યો છે. સંસ્કૃતિકુંજની હવેલી અને તેની આસપાસનું વાતાવરણ ખુબજ નયનરમ્ય લાગી રહ્યું છે.

રક્ષાબંધનના પર્વે બહેન ભાઈને રાખડી બાંધી તેના દીર્ઘાયુ માટે તો પ્રાર્થના કરે જ છે સાથોસાથ આ દિવસે અન્ય પર્વો, ઉત્સવો અને પ્રસંગોની ઉજવણી થાય છે. રક્ષાબંધન શ્રાવણ માસની પૂનમે ઉજવાય છે. આ દિવસે બ્રાહ્મણો જનોઈ બદલે છે અને પૂજાવિધિ કરે છે. શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, ગાંધીનગર દર વર્ષે સામુહિક જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં મોટી સંખ્યામાં ભૂદેવો જોડાય છે. રક્ષાબંધન પર્વે યોજાયેલા સામુહિક જનોઈ બદલવાના કાર્યક્રમમાં ગાંધીનગરના ભૂદેવ પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા અને વૈદિક મંત્રોચ્ચાર સાથે જનોઈ બદલી હતી. શહેરની નજીક આવેલા હડમતીયા ગામ ખાતે પણ સામુહિક જનોઈ બદલવાનો કાર્યક્રમ યોજાયો હતો.

ગટરની લાઈન નાંખવા માટે ૧૬ હેકટર વિસ્તારમાં વૃક્ષોની સ્થિતિ અંગે સર્વે

પાણીની નવી લાઇન નાંખવા માટે ૨૯૬૫ વૃક્ષો કાપવા વનતંત્રએ મંજુરી આપી છે જયારે ગટર લાઇન માટે પણ સર્વેના અંતે વૃક્ષોનો તાગ મળશે

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ પણ ચાલી રહ્યુ છે. જયારે પાણીની નવી લાઈનની કામગીરી દરમિયાન શહેરમાં ૨૯૬૫ જેટલા વૃક્ષોની કટોતી કરવા માટે વનતંત્ર કક્ષાએથી મંજુરી પણ આપવામાં આવી છે. ગટર લાઈન નાંખવા માટે પણ અંદાજિત ૧૬ હેકટરની જગ્યામાં વૃક્ષોને અનુલક્ષી સર્વે હાથ ધરવામાં આવ્યો છે જેના અંતે કેટલા વૃક્ષોનુ માર્કીંગ થશે તે પણ સ્પષ્ટ થશે. તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગાંધીનગરમાં સ્માર્ટ સીટીની યોજના અંતર્ગત માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવામાં આવી રહી છે. શહેરમાં પાણી ગટરની સાડા ચાર દાયકા જુની લાઈન બદલીને નવી લાઈન નાંખવા માટે સેકટરોમાં ઠેર ઠેર ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. શહેરમાં આગામી દિવસોમાં ૨૪ કલાક પાણી સપ્લાય થાય તેમજ હાલ ઠેર ઠેર ગટરો ઉભરાવાની સમસ્યાઓનો પણ અંત આવે તે માટે મોટાડાયામીટરની લાઈન નાંખવામાં આવી રહી છે. એકબાજુ સ્માર્ટ સીટી અન્વયે હાથ ધરાયેલા અનેકવિધ વિકાસ કામો વચ્ચે હરિયાળા વૃક્ષોની ઠેર ઠેર કટોતી કરવામાં આવી રહી છે. ત્યારે પાણી ગટરની લાઈનને અનુલક્ષીને પણ સેકટરોમાં વિશેષ સંખ્યામાં વૃક્ષોનો સોથ વળે તેવી સ્થિતિ છે. શહેરના માર્ગોનુ વાઈડનીંગ તેમજ સેકટરોના એપ્રોચ માર્ગોને પહોળા કરવા સહીત નવા બિલ્ડીંગોના બાંધકામને અનુલક્ષીને પણ અત્યાર સુધી સેંકડો વૃક્ષો કપાયા છે. જયારે પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે ૧૬ હેકટરમાં કામ હાથ ધરવામાં આવશે હાલ લાઈન નાંખવાની

મતદારયાદીનો સંકલિત મુસદ્દો આજે પ્રસિદ્ધ કરાશે

મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરાશે અને ૧૦મી ઓક્ટો.ના રોજ મતદારયાદીની પ્રસિદ્ધિ કરાશે : મતદાર વેરીફીકેશન ઝુંબેશ બાદ હવે સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મહત્વની : રાજકીય પક્ષોએ તેમની સક્રિયતા વધારી

ગાંધીનગર, તા. ૨૨

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજે જિલ્લાની મતદારયાદીનો પ્રાથમિક મુસદ્દો પ્રસિદ્ધ કરવામાં આવશે તેમજ આ સાથે વિધાનસભાની સામાન્ય ચૂંટણી પૂર્વે છેલ્લીવાર મતદારયાદી સુધારણાની સંક્ષિપ્ત ઝુંબેશ પણ હાથ ધરાશે.

ગાંધીનગર જિલ્લામાં આજથી આરંભાઈ રહેલ મતદારયાદી સુધારણા વિધાનસભાની સામાન્ય ચૂંટણી માટે મહત્વની હોઈ રાજકીય પક્ષોએ પણ તેમની સક્રિયતા વધારી છે.

જિલ્લામાં આ મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરતાં પહેલાં મતદાર વેરીફીકેશનની ઝુંબેશ પંચ દ્વારા હાથ ધરવામાં આવી હતી. ૧૩૪૫ જેટલા બુથ લેવલ ઓફિસરોએ ૧૩ લાખ જેટલા ઘરોમાં જઈ પાંચ હજાર જેટલા નવા મતદારો શોધી તેમની પાસેથી ફોર્મ નં. ૬ ભરાવ્યા હતા.

મતદારયાદી સુધારણા અને મતદારયાદી નોંધણીના નિયોમાં આયેલા સુધારા પછી પહેલીવાર આ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે.

પંચના જણાવ્યાનુસાર ૨૧-૮-૨૨, ૨૮-૮-૨૨, ૪-૯-૨૨ અને ૧૧-૯-૨૨ એમ સળંગ ચાર રવિવારના રોજ મતદારયાદીની ખાસ સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. જેમાં તમામ બી.એલ.ઓ. જે તે મતદાર મથક પર હાજર રહી આ અંગેની અરજીઓ સ્વીકારશે.

મતદાર નામ નોંધણી માટેના નિયમોમાં સુધારા કરવામાં આવ્યા છે. સૌથી મહત્વનો સુધારો યુવા મતદારો માટે મતદાર તરીક નામ દાખલ કરાવવા સંબંધિત છે. અગાઉ નવા મતદાર તરીક નામ નોંધાવવા દર વર્ષે ૧લી જાન્યુઆરીની લાયકાત ધ્યાને લેવામાં આવતી હતી. હવે ૧લી ઓક્ટો. સુધીમાં જે યુવાનો ૧૮ વર્ષ પૂર્ણ કરતા હોય તેઓ આ ખાસ સંક્ષિપ્ત સુધારણા દરમ્યાન તેમના નામ મતદારયાદીમાં નોંધાવી શકશે.

પંચના જણાવ્યાનુસાર ૧૨-૮-૨૨ના રોજ સંકલિત મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. આ અંગેના વાંધા ૧૧-૯-૨૨ સુધી રજુ કરી શકાશે. જેનો ૨૬-૯-૨૨ સુધીમાં નિકાલ કરવામાં આવશે અને ૧૦મી ઓક્ટો.ના રોજ મતદારયાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

આજે ૭૩મો વન મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં આજે ૭૩મો વન મહોત્સવ ઉજવવામાં આવશે. જિલ્લાને હરિયાળો બનાવવાની સાથે ગાંધીનગરને ગ્રીનસીટી બનાવવાના સ્વપ્રને સાકાર કરવા માટે આજે ગાંધીનગર શહેરમાં જ ત્રણ કાર્યક્રમો વન મહોત્સવની ઉજવણીને લઈ વન વિભાગ દ્વારા યોજવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાકક્ષાનો વન મહોત્સવ આજે કોબા પ્રેક્ષાભારતી ખાતે સવારે ૮.૩૦ કલાકે યોજાશે. મેયર હિતેશ મકવાણા, ધારાસભ્ય શંભુજી ઠાકોર તેમજ જી.એફ.આર.સી.ના પ્રિન્સિપાલ અક્ષય જોશીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજવામાં આવશે.

મનપાનો વન મહોત્સવ વિજ્ઞાન કોલેજ સે. ૧૫ ખાતે ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ

● અનુસંધાન પાન-૭ પર

આજે ગાંધીનગરમાં રન ફોર ત્રિરંગાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં હર ઘર ત્રિરંગા અંતર્ગત આજે સવારે નવ વાગ્યાથી સચિવાલયના પીકઅપ બસસ્ટેન્ડથી 'રન ફોર ત્રિરંગા'નું આયોજન ગુજરાત યુનિવર્સિટી અને સરકારી વાણિજ્ય કોલેજ દ્વારા કરવામાં આવ્યુ છે.

કોલેજના આચાર્ય ડૉ. અમીત સુતરિયાએ જણાવ્યું છે કે રન ફોર ત્રિરંગાને ગાંધીનગરના મેયર હિતેશ મકવાણા, ધારાસભ્ય શંભુજી ઠાકોર, આઈ.આઈ.ટી. અને ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, ગુજરાત યુનિ.ના કુલપતિ ડૉ. હિમાંશુ પંડ્યા પ્રસ્થાન કરાવશે.

સવારે નવ વાગે શરૂ થનાર આ રન ફોર ત્રિરંગામાં ત્રણ હજારથી વધુ વિદ્યાર્થી અને નાગરિકોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. આ રન ફોર ત્રિરંગા પીકઅપ બસસ્ટેન્ડથી શરૂ થશ અને ચ-૫ થઈ ઘ-૫ પહોંચી ઓપન એર થિયેટર ખાતે સંપન્ન થશે.

શહેરમાં ટ્રીમીંગના અભાવે લટકતી વૃક્ષોની તોતિંગ ડાળીઓ અવરોધરૂપ

સેકટરોમાં ઠેર ઠેર સાઇનબોર્ડસ અને સ્ટ્રીટ લાઇટના થાંભલાને આડશ બનતી ડાળીઓથી શહેરીજનો તોબા : ફુટપાથ પર વોકીંગ કરનારા પણ પરેશાન : વનતંત્ર દ્વારા સમયસર ટ્રીમીંગ ન થતા સેકટરવાસીઓ માટે જોખમી સ્થિતિ

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગરમાં શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોની તોતિંગ ડાળીઓ લટકતી જોવા મળે છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા તેમજ ઉભા આડા માર્ગો પર પણ સાઈનબોર્ડસ માટે અવરોધરૂપ બનેલા વૃક્ષોનુ યોગ્ય ટ્રીમીંગ પણ કરવામાં આવતુ નથી જેના લીધે નગરજનોએ ડગલે ને પગલે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. વાહનચાલકોને સાઈન બોર્ડસ દેખાતા નથી તો કેટલાક ઠેકાણે વિઝન પણ મળતી નથી જેના લીધે જોખમી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં જોખમી વૃક્ષો દુર કરવાની સાથે સેકટરોમાં ટ્રીમીંગ માટે પણ ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણાં સમયથી વૃક્ષોના ટ્રીમીંગની કામગીરી હાથ ધરવામાં આવી નથી જેના લીધે વરસાદી દિવસોમાં

સેકટરોના આંતરિક વિસ્તારમાં વૃક્ષોની તોતિંગ ડાળીઓ નમેલી અને જોખમી હાલતમાં જોવા મળે છે. શહેરમાં સુકાયેલા જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. સેકટરોના આંતરિક વિસાતરમા તેમજ મુખ્યમાર્ગો આસપાસ ઘણીવાર તોફાને ચઢતી વાનર ટોળકીના લીધે પણ જોખમી વૃક્ષોના તોતિંગ ડાળાઓ પણ જમીનદોસ્ત

● અનુસંધાન પાન-૭ પર

અવસર લોકશાહીનો
ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૨૨
આગામી વિધાનસભાની ચૂંટણીમાં મતદાન માટે થઇ જાઓ તૈયાર
નામ નોંધાવી મતદારયાદીમાં, બનો ગૌરવશાળી મતદાર
કોઈ પણ મતદાર રહી ન જાય
જાગૃત મતદાર, સુદૃઢ લોકશાહી
મતદારયાદી સુધારણા કાર્યક્રમ
૧૨ ઓગસ્ટ થી ૧૧ સપ્ટેમ્બર
ચૂંટણી પંચના નવા સુધારા મુજબ જો આપની ઉંમર ૧લી ઓક્ટોબર ૨૦૨૨ સુધીમાં અઢાર વર્ષ થતી હોય તો મતદારયાદીમાં નામ નોંધાવીને મતદાન કરી શકો છો.
જો આપનું નામ મતદારયાદીમાં અગાઉ નોંધાવેલું હોય તો આપની વિગતની ચકાસણી કરી લો અને જો કોઈ ફેરફારની જરૂર હોય તો તેના માટે અરજી કરો.
યાદ રાખો, મતદાન કરવા માટે આપનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે નોંધાયેલ હોય તે જરૂરી છે.
નોંધણી, ચકાસણી કે ફેરફારની અરજી માટે ઓનલાઇન સુવિધા
વોટર હેલ્પલાઇન એપ
WWW.NVSP.IN
અથવા રૂબરૂ પ્રક્રિયા માટે સંપર્ક કરો
પ્રાંત અધિકારીની કચેરી
મામલતદારની કચેરી
કલેક્ટર કચેરી
વધુ માહિતી માટે આપના બી.એલ.ઓ.નો સંપર્ક કરો અથવા ૧૯૫૦ હેલ્પલાઇન પર ફોન કરો (કચેરી સમય દરમિયાન)
હવે મતદારયાદીમાં આપના નામ સાથે આધાર નંબર લિંક કરવાની સુવિધા ઉપલબ્ધ
મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત
CEOGujarat CEOGujarat gujaratceo

શહેર-જિલ્લામાં કોરોનાના ૧૬ નવા કેસ

૬૩ દર્દી રિકવર થતાં ડિસ્ચાર્જ કરાયા : શહેરમાં આજે રાંદેસણ, સે. ૨૧, ૨૯, ૩૦માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૨ અને સે. ૨૨માંથી કેસ મળી આવેલ છે

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેર-જિલ્લામાં ગઈકાલે કોરોનાના કેસોમાં આવેલા ઉછાળા પછી આજે ૧૬ નવા કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં નવા ૧૦ અને ગ્રામ્યમાં નવા ૬ કેસ નોંધાયા છે. આજે ૬૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ અને શહેરમાં ૨૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં રિકવરી રેટ સુધારા તરફી છે પરંતુ જે રીતે કેસોમાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે તેથી તંત્રની ચિંતા ઓછી નથી થઈ.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સતત કેસો મળી રહ્યા છે તેથી તંત્ર ચિંતાતુર છે. જિલ્લામાં પ્રતિકૂળ હવામાન પણ આ માટે જવાબદાર હોવાનું તબીબી જગતમાં ચર્ચાઈ રહ્યુ છે. આ વેળાએ ચોથી લ્હેરમાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને રાહત છે.

શહેર-જિલ્લામાં સર્વેલન્સ સઘન બનાવવા સાથે વેક્સિનેશન અભિયાન સઘન બનાવવામાં આવી રહ્યું છે. ૧૩ થી ૧૮ વર્ષના બાળકોને પણ વેક્સિનેશન અભિયાનમાં વધુમાં વધુ આવરી લેવા પર ભાર મુકવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૧૦ કેસ નોંધાયા છે. જેમાં ૪ મહિલા અને ૩ દર્દી ૬૦થી વધુ વયના છે. મહિલા અને મોટીવયના દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં આજે રાંદેસણ, સે. ૨૧, ૨૯, ૩૦માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૨ અને સે. ૨૨માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનને લઈ સંક્રમિત થયાનું હાલ જણાઈ રહ્યુછે. કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તતાથી અમલીકરણ થાય તે જોવા તંત્રએ તાકીદ કરી છે.

આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ સાથે શહેરમાં આજે નોંધાયેલા દર્દીઓ સાથે ૧૬૫ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ કેસ કોરોનાના નોંધાયા છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દી અને ૩ વિદ્યાર્થી છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે કલોલમાં ૪ અને માણસામાં બે કેસ નોંધાયા છે. કલોલ તાલુકામાં કલોલ શહેરમાં બે તેમજ રાંચરડા અને ભાડજ ગામેથી કેસો મળી આવેલ છે.

માણસામાં માણસા શહેરમાંથી બે કેસ મળ્યા છે. આ બન્ને દર્દી મહિલા છે. ૪૩ વર્ષીય મહિલાને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com